# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAJYA SARKAR PACKAGE

રાજ્યમાં કમોસમી વરસાદથી ખેતીના પાકને થયેલા નુકસાન સામે સરકાર ટૂંક સમયમાં સહાય પેકેજ જાહેર કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, કુદરતી આપત્તિની આ આફતમાં રાજ્ય સરકાર સંપૂર્ણ સંવેદનાથી ખેડૂતોની પડખે ઊભી છે. રાજ્યના મંત્રીઓએ પ્રત્યક્ષ વિવિધ વિસ્તારની મુલાકાત લઈ ખેડૂતોની સ્થિતિ જાણી છે.

તંત્ર દ્વારા પાકને થયેલા નુકસાનની સમીક્ષા અને સરવેની કામગીરી ખૂબ જ ઝડપથી હાથ ધરાઈ છે. આ મામલે તેઓ સતત મંત્રીશ્રીઓ અને અધિકારીઓની સાથે સંકલનમાં હોવાનું પણ શ્રી પટેલે ઉંમેર્યું.

. . . . . . . . . . . . . .

# PRAFUL PANSHERIYA BETHAK

ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ. તેમાં કમોસમી વરસાદના કારણે ફેલાતા રોગચાળાને અટકાવવા લેવાતા પગલાં અંગે ચર્ચા કરવામાં આવી. શ્રી પાનશેરિયાએ ડેન્ગ્યૂ, ચિકનગુનિયા જેવા રોગના નિયંત્રણ માટે દરેક જાહેર આરોગ્ય કેન્દ્ર - PHC, સામૂદાયિક આરોગ્ય કેન્દ્ર - CHC અને સરકારી હૉસ્પિટલમાં પૂરતી દવાઓના જથ્થા સાથે આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું.

**(બાઈટઃ પ્રફૂલ પાનશેરિયા, આરોગ્ય મંત્રી)**

. . . . . . . . . . . . . .

## ARVALLI DEVUTHI AGIYARAS

દેવઉઠી અગિયારસ નિમિત્તે અરવલ્લીના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે આજથી વિવિધ કાર્યક્રમ યોજાશે. આજે સાંજે તુલસી વિવાહ સાથે ભગવાનની ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરાયું છે. સાથે જ સૌથી મોટા શામળાજીના કાર્તિકી પૂનમના મેળાનો તેરસથી પ્રારંભ થશે તેમ શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અનિલ પટેલે જણાવ્યું.

**(BYTE: અનિલ પટેલ, ટ્રસ્ટી, શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટ)**

. . . . . . . . . . . . . .

## WOMEN CRICKET FINAL

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – I.C.C. મહિલા ક્રિકેટ વિશ્વકપનો ફાઈનલ મુકાબલો આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટૅડિયમ ખાતે હમણાં ત્રણ વાગ્યે આ મૅચનો પ્રારંભ થશે. ભારતે સેમિ-ફાઈનલમાં ઑસ્ટ્રેલિયાને પાંચ વિકેટે હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. જ્યારે દક્ષિણ આફ્રિકાએ ઇંગ્લૅન્ડને 125 રનથી હરાવી ફાઈનલમાં સ્થાન બનાવ્યું છે.

જોકે, બંને ટીમ અત્યાર સુધી વિશ્વકપ ખિતાબ જીતી શકી નથી. બીજી તરફ, ભારતીય ટીમ ત્રીજી વખત અને દક્ષિણ આફ્રિકા પહેલી વાર વિશ્વકપની ફાઈનલ મૅચ રમશે.

. . . . . . . . . . . . . .

# WEATHER FORECAST

અરબી સમુદ્રમાં સક્રિય થયેલી પ્રણાલિ નબળી પડતાં આગામી 24 કલાકમાં રાજ્યમાં વરસાદનું જોર ઘટી શકે છે. હવામાન ખાતાના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે કહ્યું, આગામી બે દિવસ સુધી કેટલાક જિલ્લામાં છૂટોછવાયો વરસાદ થઈ શકે છે. જોકે, હજી દરિયાકાંઠાના વિસ્તારમાં 40થી 50 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તેમજ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે.

આજે દેવભૂમિ-દ્વારકા, પોરબંદર, ભાવનગર, કચ્છ અને જૂનાગઢમાં છૂટોછવાયો વરસાદ થવાની સંભાવના છે. જ્યારે સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરના આસપાસના વિસ્તારમાં પણ સામાન્ય વરસાદ થઈ શકે છે.

બીજી તરફ, રાજ્યમાં કમોસમી વરસાદનું જોર ઘટતાં આજે બપોરે 2 વાગ્યા સુધીમાં 21 તાલુકામાં વરસાદના અહેવાલ છે. તેમાં સૌથી વધારે એક ઇંચ જેટલો વરસાદ ભાવનગરના ઘોઘા તાલુકામાં નોંધાયો છે.

બોટાદમાં પણ વહેલી સવારથી ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

તાપીના વ્યારા શહેરના મિશન નાકા, બસ મથક, મેઈન બજાર સહિત ગ્રામીણ વિસ્તારમાં આજે વરસાદી ઝાપટાં થયા.

. . . . . . . . . . . . . .